ज्ञानोन्मेष

e-ISSN : XXXX XXXX
Volume-1, Issue-3 : October-December, 2020

# રમકડાં દ્વારા ભારતીય જીવનમૂલ્યોનો વિકાસ

સમીરભાઈ દેસાઈ

**Received : 02-11-2020** **Published Online : Dec.-2020** **Accepted : 29-11-2020**

વિસનગર સ્થિત નવયુગ શિશુ નિકેતન સ્કૂલમાં ૧૯૮૧માં ગુજરાતની સૌ પ્રથમ 'ટૉય લાયબ્રેરી'ની શરૂઆત સાર્વજનિક રીતે કરવામાં આવી, જેનું નામ ''ફોઈબા રમકડાં ઘર'' રાખેલું. આજે પણ ચાળીસ વર્ષથી આ 'TOY LIBRARY' કાર્યરત છે. દર અઠવાડિએ બાળક રમકડું/GAME ઘરે પુસ્તકની જેમ રમવા લઈ જાય અને બીજા અઠવાડિયે પરત કરે છે, જેનો ખૂબ સારો પ્રતિસાદ સમાજમાંથી મળ્યો છે. આજ દિન સુધી 'TOY LIBRARY' અમારી નવયુગ શિશુ નિકેતનની આગવી ઓળખ બની રહી છે. બાળકો કેવાં રમકડાં વધુ પસંદ કરે છે તેના આધારે તેની પર્સનાલિટીનો પણ ખ્યાલ આવે છે. તેને યોગ્ય સમયે બીજાં અનેક રમકડાં / GAMES બતાવી પ્રેરિત કરી શકાય અને કેળવી શકાય છે.

બાળકોનો વિકાસ અને એનું ઘડતર મહદંશે, બાળક ઘરમાં જે મોટી વ્યક્તિ હોય તેમની રીતભાત, વર્તણૂકના અનુકરણ દ્વારા થતું હોય છે. બાળકમાં કલ્પનાશક્તિ, સાદી સમજ, અભિવ્યકિત, સ્પર્ધાત્મક ગુણોને ખીલવવા માટે રમકડાં સૌથી મહત્ત્વનો ભાગ ભજવે છે.

રમકડાં દ્વારા બાળકમાં રહેલી કુદરતી શકિતઓનો વિકાસ થાય છે. રમકડાં થકી ઈન્દ્રિયશિક્ષણ, સામાજિક શિક્ષણ ઉપલબ્ધ થાય છે. ગણિત-વિજ્ઞાન, ભાષાનું, ભૂગોળનું શિક્ષણ પણ આનંદપૂર્વક રમતાં રમતાં મેળવે છે. રમકડાં / રમતો સામૂહિક રીતે રમી શકાય છે. તેથી કૌટુંબિક ભાવના વિકસે છે. બાળકમાં સહકારની ભાવના જન્મે છે. ખાસ તો એની રમવાની પળો Quality time બની જાય છે.
બાળકેળવણીમાં બાળવાર્તાઓ/હાલરડાં/ જોડકણાં એ બાળકના જીવનઘડતરમાં અત્યંત આવશ્યક છે બાળવાર્તા થકી વિસ્મયકારક વિશ્વ બાળકની આંખ સામે, તેના માનસપટ ઉપર રચાય છે અને જીવનનું ઘડતર થાય છે. જેમ વાર્તા થકી જીવનઘડતર થાય છે તે જ રીતે રમકડાં થકી પણ બાળકોનું જીવનઘડતર થઈ શકે છે.

બાળકના જીવનમાં રમકડાં તેની ઉંમરની કક્ષા પ્રમાણે વિવિધ પ્રકારનાં હોય છે. અમુક રમકડાં MOTOR ACTIVITY માટે કે જે તેની આંગળીઓને મજબૂત બનાવે છે, ઈન્દ્રિયશિક્ષણમાં રમકડાં ઘણો મોટો ભાગ ભજવી શકે છે.

બાળકેળવણીમાં રમકડાં એ અનિવાર્ય સાધન છે, જેના દ્વારા બાળક આસપાસની દુનિયા અને વાતાવરણને પારખવાની શરૂઆત કરે છે. અમુક રમકડાં કે Toys / GAMES રમવા માટે બાળકની સાથે એકથી વધારે વ્યકિતઓની જરૂર પડે છે અને આ જ પ્રક્રિયાથી પરિવારમાં એકતાની ભાવના જન્મે છે. બાળક માતા, પિતા, ભાઈ, બહેન કે મિત્રોની સાથે ક્વૉલિટી ટાઈમ પસાર કરે છે અને અવનવું શીખે છે.

રમકડાં/GAMES દ્વારા બાળકની તર્કશકિત, શારીરિક શકિત - નિર્ણયશક્તિનો ત્વરિત વિકાસ થાય છે. સૌથી વધુ મહત્ત્વનું રમકડાં દ્વારા તે પોતાની અલગ જ દુનિયામાં ખોવાઈ જાય છે. રમકડું જાણતાં અજાણતાં તૂટે છે તેમાં પણ બાળકની ભારોભાર જિજ્ઞાસાવૃત્તિ રહેલી હોય છે.

આજના TV-INTERNET-SOCIAL MEDIAના યુગમાં બાળકોને યોગ્ય ઉંમરથી જ વિવિધ પ્રકારનાં રમકડાં/રમતોથી માહિતગાર કરવાં જોઈએ. તેમની સાથે કુટુંબીજનોએ જ રમવાની શરૂઆત કરીને QUALILTY

TIME પસાર કરવો જોઈએ અને ખાસ તો, જ્યારે માબાપ બાળકને TV - SOCIAL MEDIAના વધુ ઉપયોગથી દૂર રાખવા માગે છે, તેના વિકલ્પરૂપે બાળકને રમકડાં કે રમતોનો વિકલ્પ આપવો તે વધારે યોગ્ય છે.

રમકડાં દ્વારા બાળકોનું જીવનઘડતર (સાથે-સાથે પરિવારમાં મા-બાપનું ઘડતર પણ) સાહજિક રીતે થાય છે. ખાસ તો જીવનનાં નૈતિક મૂલ્યો પણ ઘણી જ સાહજિક રીતે શીખવી શકાય છે. હાર-જીત જીવનનો એક ભાગ છે, ચડાવ-ઉતાર જીવનનો એક ભાગ છે તે પણ શીખે છે, અનુભવે છે.

જિગ્સો પઝલ, કન્સ્ટ્રક્શન સેટ, સાપસીડી, લ્યૂડો, વ્યાપાર, કેરમ, શૂન્ય ચોકડી, ચેસ જેવી અનેક રમતો અને આકર્ષક રમકડાં AGE GROUP પ્રમાણે બાળકોમાં ખૂબ પ્રચલિત છે. હવે તો IT - યુગમાં ELECTRONICS રમકડાં-VIDEO GAMES વગેરેએ જબરું આકર્ષક જમાવ્યું છે.

જીવનઘડતરમાં INDOOR-OUTDOOR રમતોની પસંદગી અને તેમાં પણ કોઈ એકમાં રસરુચિ જો કેળવાય,INTERNATIONAL માપદંડ પ્રમાણે રમવામાં આવે તો, CAREER OPTION પણ બની શકે છે.

રમકડાંના અનેક પ્રકારો છે. (વર્ગીકરણ)

- શૈક્ષણિક પ્રવૃત્તિ-પ્રકૃતિ ખીલવનારાં રમકડાં.
- સર્જનાત્મક પ્રવૃત્તિ-પ્રકૃતિ ખીલવનારાં રમકડાં.
- મનોરંજન આપનારાં રમકડાં.
- તર્કવૃદ્ધિ કરનારાં રમકડાં.

અમારી 'TOY LIBRARY' માં ઘણાં વર્ષોથી "ON THE SPOT TOY COMPETITION" - તત્કાલ રમકડા સ્પર્ધા યોજવામાં આવે છે, જેનો ખૂબ સારો પ્રતિસાદ મળે છે.

'TOY LIBRARY'ના ખ્યાલથી વંચિત/આર્થિક મર્યાદાવાળાં બાળકો પણ અનેક રમકડાં / રમતોનો લાભ લઈ શકે છે.

રમકડાં અને રમતોનું એક અલગ વિજ્ઞાન છે. બાળકોની સાયકોલોજીને ધ્યાનમાં રાખીને ઘણું કામ થઈ શકે એમ છે, VOCAL FOR LOCAL થકી રમકડાં ઉદ્યોગને પ્રોત્સાહન પૂરું પાડી શકાય અને રોજગારી ઉત્પન્ન કરી શકાય એમ છે.

ખાસ તો, ભારતીય મૂલ્યોને પ્રાધાન્ય આપી TIME PASS માટે નહીં પણ જીવનઘડતરના ભાગરૂપે પુસ્તકોની સાથે રમકડાં પણ ખરીદવાની આદત પાડવી જોઈએ. સમયાંતરે સ્પર્ધાઓ પણ યોજાવી જોઈએ, જેથી રમકડાં માત્ર TIME PASS બનીને ન રહી જાય, ભારતની તમામ શાળાઓમાં 'TOY LIBRARY'નો CONCEPT સક્રિય રીતે કાર્યરત કરવો જોઈએ, જેથી દરેક બાળક સુધી રમકડાં સરળતાથી પહોંચી શકે અને કોઈ બાળક રમકડાંથી વંચિત ન રહી જાય. કારણ કે આખરે તો EVERY CHILD MATTERS.

-----